## વિશ્વ એઇડ્સ દિન ૨૦૨૪

## પ્રેસ નોટ

વિશ્વમાં સૌ પ્રથમ એઇડ્સનો કેસ અમેરીકાનાં લોસ એન્જલસમાં વર્ષ ૧૯૮૩માં નોંધાયા બાદ ભારતના ચેન્નાયી ખાતે સેકસ વર્કરમાં પ્રથમ કેસ ૧૯૮૮માં નોંધાયો હતો. આ સાથે સમગ્ર વિશ્વમાં સને ૧૯૮૮થી ૧લી ડીસેમ્બર નાં રોજ „વિશ્વ એઈડ્સ દિન„ તરીકે મનાવવામાં આવે છે. આ દિન મનાવવાનો મુખ્ય હેતુ લોકોમાં એચ.આઇ.વી/એઈડ્સ પ્રત્યે જનજાગૃતિ લાવવાનો તેમજ એચ.આઇ.વી/એઇડ્સથી મૃત્યુ પામેલ લોકોને શ્રધ્ધાંજલી પાઠવવી તેમજ સમાજમાં એચ.આઇ.વી/એઇડ્સ નો ચેપ ધરાવતા લોકો પ્રત્યે કલંક અને ભેદભાવ દૂર કરવાનો છે.

એઇડ્સ પ્રત્યે અગાઉનાં વર્ષોમાં જે હાઉ હતો તે આ રોગની દવા "ART " શોધાયા બાદ દૂર થયો છે તેમજ પોઝીટીવ કેસોમાં પણ નોંધપાત્ર ઘટાડો થયો છે. એચ.આઇ.વી. સંક્રમિત દર્દી નિયમિત એ.આર.ટી. દવા લે તો તે અન્ય વ્યકિતઓની જેમ લાંબુ જીવન જીવી શકે છે. સુરત શહેરમાં એચ.આઇ.વી./એઇડ્સ અંર્તગત હાલ ૨૩ સ્વૈછીક સંસ્થાઓ કાર્યરત છે. આ સંસ્થાઓ જેમને એચ.આઇ.વી.નો ચેપ લાગવાની શકયતા વધુ હોય તેવા સેકસ વર્કર બહેનો, સમલૈંગિક પુરૂષો, નશીલી દવાઓનું સેવન કરતા લોકો, સ્થળાંતરીત પુરૂષો વિગેરેને એચ.આઇ.વી/એઇડ્સ અંગે જાણકારી આપે છે તેમજ તેમનું સ્કીનીંગ કરાવી પોઝીટીવ જણાય તો સારવાર અપાવવામાં મદદ કરે છે. આ સાથે સુરત મહાનગરપાલિકાનાં કુલ ૬૩ જેટલા શહેરી આરોગ્ય કેન્દ્રો, નવી સિવિલ હોસ્પીટલ, સ્મીમેર હોસ્પીટલ, પ્રાણનાથ હોસ્પિટલ તથા લોખાત હોસ્પિટલ વગેરેમાં માં વિનામુલ્યે એચ.આઈ.વી.નું ટેસ્ટિંગ તથા અન્ય જાતીય રોગોની સારવાર મફત આપવામાં આવે છે.

આજે ૧ લી ડીસેમ્બર-૨૦૨૪ના રોજ ,વિશ્વ એઇડ્સ દિન, હોય આ વર્ષનું **સુત્ર** **"TAKE THE RIGHTS PATH : My Health, My Right" (અધિકારનો માર્ગ અપનાવો : મારું આરોગ્ય, મારો હક્ક)**નાં શિર્ષકને કારગત કરવા સુરત મહાનગરપાલિકાનાં એસ.ટી.ડી.કેર પ્રોજેકટના કાઉન્સેલરો, આરોગ્ય વિભાગનાં કર્મચારીઓ, આઇ.સી.ડી.એસ. વિભાગના આંગણવાડી કાર્યકર બહેનો, ડીસ્ટ્રીકટ એઇડ્સ પ્રિવેન્શન એન્ડ કંટ્રોલ યનિટ સુરતનો સ્ટાફ, ગુજરાત સ્ટેટ નેટવર્ક ઓફ પોઝીટીવ પિપલ લિવિંગ વીથ એચ.આઇ.વી.ના વોલીયન્ટર્સ તેમજ ૨૩ સ્વૈચ્છીક સંસ્થાઓના પ્રતિનિધિઓ અને પીયર એજ્યુકેટર્સ, સાથે નર્સિંગ કોલેજનાં વિધાર્થીનીઓ તથા અમરોલી કોલેજનો એન.એસ.એસ ના વોલીયન્ટર્સ વગેરેનાં સહયોગથી સુરત

રેલ્વે સ્ટેશન, સરદાર પટેલની પ્રતિમા પાસેથી એક વિશાળ રેલીનું આયોજન કરવામાં આવેલ. જેમાં સુરત મહાનગરપાલિકાનાં મા.મેયર શ્રી દક્ષેશ ભાઈ માવાણી તથા મા. ડે. મેયરશ્રી ડો. નરેશ પાટીલ, દંડક શ્રીધર્મેશભાઈવાણીયાવાલા તથા અન્ય કોર્પોરેટરશ્રીઓ, ડે.કમિશનરશ્રી (હે એન્ડ હો) ડો. આશિષ નાયક,આરોગ્ય અધિકારીશ્રી ડો.પ્રદીપ ઉમરીગર, મેડીકલ ઓફીસરશ્રી વર્ગ-૧ ડો. ફેનીલ પટેલ , ડો.પ્રકાશ પટેલ, ડો.કેતન ગરાસીયા, ડો.ધ્વનિ પટેલ તેમજ આરોગ્ય વિભાગના કર્મચારીઓ અને આંગણવાડીના કાર્યકર બહેનો, ડીસ્ટ્રીકટ એઈડ્સ પ્રિવેન્સન એન્ડ કંટ્રોલ યુનિટ નો સ્ટાફ તથા GSNP+ નો સ્ટાફ મળી કુલ ૫૦૦ જેટલી વ્યકતિઓ ઉપસ્થિત રહી હતી.

રેલીનાં સ્થળ પરથી ત્રણ સાયકલ વિથ બેનરને સુરત શહેરમાં પ્રચાર અર્થે પ્રસ્થાન કરાવવામાં આવેલ હતી. જે ૧૦ દિવસ સુધી સુરત શહેરનાં વિવિધ વિસ્તારોમાં ફરી એચ.આઇ.વી./એઈડ્સનો પ્રચાર કરશે.આ સાથે સુરત શહેરમાં આઠ જેટલા સ્થળોએ એચ.આઇ.વી./એઇડ્સના જાણકારી પ્રાપ્ત થાય તેવા હોર્ડીગ્સ લગાવામાં આવેલ છે. તેમજ સુરત મહાનગરપાલિકાનાં ઇલેકટ્રોનીક જાહેરાત બોર્ડ ઉપર પણ એચ.આઇ.વી./એઇડ્સ અંગેના પોસ્ટરો દર્શાવામાં આવશે.અંતમાં ડો. એચ.કે.સોંધરવા ધ્વારા આભારવિધિ કરી રેલીનું સમાપન કરવામાં આવેલ. આ સમગ્ર રેલી ડે.કમિશનરશ્રી (હે એન્ડ હો) ડો. આશિષ નાયક અને આરોગ્ય અધિકારીશ્રી પ્રદીપ ઉમરીગરના સીધા માર્ગદર્શન તથા દેખરેખ હેઠળ એસ ટી ડી કેર પ્રોજેકટના સ્ટાફ દ્વારા આયોજન કરેલ હતી.


WORLD AIDS DAY 2024
યુવા જાગો
એકસાથે આપણે
WORLD AIDS DAY 2024


સોળે સાન, વીસે વાન,
એચ.આઈ.વી. થી
બચવાનું રાખો જ્ઞાન
૧ ડીસેમ્બર વિશ્વ એઈડ્સ દિન
સુરત મહાનગરપાલિકા
આરોગ્ય વિભાગ
છોડો શરમ,
તોડો ભ્રમ
૧ ડીસેમ્બર
વિશ્વ એઈડ્સ દિન
સુરત મહાનગરપાલિકા
આરોગ્ય વિભાગ


HOTEL JAY VIJAY
એકસાથે આપણે
માપને રોકી
શકીએ છીએ
તો પછી જાણકારી લેવામાં શરમ શાની ?
"Take The Rights Path : My Health, My Right"
ડાઉનલોડ કરો
NACO
AIDS APP
Alliance
India